# શ્રી સંભવનાથ જિન સ્તવન (૧)

**સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે;**
**ખામી નહિ મુજ ખિજમતે, કદિય હોશ્યો ફળદાતા રે.**
**સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે.**

હે ગુણના જ્ઞાતા શ્રી સંભવનાથ જિનેશ્વર દેવ ! મારી એક અરજ સાંભળો, આપની સેવા ચાકરી જે હું કરું છું તેમાં કોઈ ખામી નથી તો આપ ક્યારે ફળ આપનારા થશો ?

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA
Melbourne Shwetambar Jain Sangh

અભંગદ્વાર પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી સંભવનાથ જિન સ્તવન (૨)

કર જોડી ઊભો રહું, રાત દિવસ તુમ ધ્યાને રે;
જો મનમાં આણો નહિ, તો શું કહિયે થાંને રે.
સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે.

હું દિવસ અને રાત બે હાથ જોડીને આપના ધ્યાનમાં ઊભો છું, એ હકીકત આપ ધ્યાન પર ન લો, તો આપને મારે શું કહેવું ?

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર
પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી સંભવનાથ જિન સ્તવન(૩)

ખોટ ખજાને કો નહિ, દીજે વંછિત દાનો રે;
કરૂણાનજર પ્રભુજી તણી, વાધે સેવક વાનો રે.
સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે.

આપના ખજાનામાં કોઈ જાતની ખોટ નથી, તો ઈચ્છિત વસ્તુનું દાન આપો. જો પ્રભુની કૃપાદૃષ્ટિ હોય તો જ સેવકનો વાન - આત્મિક તેજ વધે છે, એવો નિયમ છે.

Melbourne
Shwetambar Jain Sangh

અભંગદ્વાર
પાઠશાળા
Abhangdwar PATHSHALA

# શ્રી સંભવનાથ જિન સ્તવન (૪)

**કાળલબ્ધિ મુજ મતિ ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે;**
**લડથડતું પણ ગજબચ્ચું, ગાજે ગજવર સાથે રે.**
**સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે.**

હે નાથ ! અત્યારે "કાળલબ્ધિ" (મોક્ષગમનને યોગ્ય કાળ) નથી, એમ તમે ન ગણશો, કેમ કે "ભાવલબ્ધિ" (મોક્ષગમન યોગ્ય આત્મશક્તિ આપને પ્રગટ થયેલી છે એમાંથી જરૂર જેટલી શક્તિ મને આપવી તે) આપના હાથમાં છે. અથવા કાળલબ્ધિનો પરિપાક આપની ભક્તિને આધીન છે. મોટો હાથી સાથે હોય છે તો માંડમાંડ ચાલી શકતું હાથીનું બચ્ચું પણ ગજબનું જોર બતાવતું હોય છે.

Melbourne
Shwetambar Jain Sangh

# શ્રી સંભવનાથ જિન સ્તવન (૫)

**દેશ્યો તો તુમહી ભલા, બીજા તો નવિ યાચું રે;**
**વાચક જશ કહે સાંઈશું, ફળશે એ મુજ સાચું રે.**
**સંભવજિનવર વિનતિ, અવધારો ગુણજ્ઞાતા રે.**

હે કૃપાનિધાન ! હું જે યાચું છું, તે જો આપ આપશો તો જ મારે જોઈએ છે. પણ બીજા પાસે હું તેની યાચના કરવાનો નથી. પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે કે આપ જરૂર આપશો જ એવો મારો નિશ્ચય છે અને તે ખરેખર ફળશે જ એમાં મને લેશ પણ શંકા નથી.